Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-12, Issue-1, June-2018

# કડી: એક ઐતિહાસિક અધ્યયન

બારોટ મયંકકુમાર ઠાકોરલાલ
આ.પ્રોફેસર શ્રી બી.ડી.એસ. આર્ટસ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ પાટણ
barotmayank89@gmail.com

## પ્રસ્તાવના

કડી પ્રાચીન સમયમાં 'કતીપુર' તરીકે ઓળખાતું હતું. અને મધ્યયુગમાં 'કડી' શહેરને રાજકીય તેમજ લશ્કરી દ્રષ્ટિએ અગત્યના આપતા (મળતા) આ શહેરની આજુ-બાજુના ગામડાઓને પ્રદેશ વિસ્તાર કડી પરગણાના નામે તો કડીટપ્પા અને કડી વિભાગ તરીકે તો કેટલીક સદીઓ સુધી કડી પ્રાંત તરીકે ઓળખાતો હતો.[૧]

કડીના મધ્યકાલીન ઈતિહાસમાં વિવિધ વંશજોનો સમાવેશ થાય છે. જેવા કે મૈત્રક વંશ, સોલંકી-વાઘેલા વંશ તેમજ સલ્તન કાળના વિવિધ સુલતાનો, મોગલરાજા તથા કેટલાક સુબાઓ, બહાદુર મરાઠા શાસકો પણ હતાં. આ તમામ વંશજો અને રાજાઓની ઝાંખી કડીના ઈતિહાસમાં જોવા મળે છે.

## મધ્યકાલીન કડી

- મૈત્રકવંશ - (ઈ.સ. ૪૭૦ થી ૭૮૮)

મૈત્રક શાસન ઈ.સ. ૪૭૦ થી ૭૮૮ સુધી એટલે કે ૨૭૦ વર્ષ ચાલ્યું તે સમયના કેટલાક દાનશાસનો અભ્યાસ કરતાં કડી વિસ્તારની વિશેષ માહિતી મળે છે. ધ્રુવસેન ૧ લાના સમયના દાનશાસનમાં આનંદપુર (વડનગર)ના બ્રહ્મણોનો સમાવેશ થાય છે. જે ઈ.સ. ૫૨૦ પછીનું દાનશાસન છે. ધ્રુવસેને ખેટક આહારના નગર પંથકનું ગામ દાનમાં આપ્યાની વિગતો મળે છે. તથા તેના પુત્રનું મૃત્યું થતાં રાજાના શાંન્તવન અર્થે આનંદપુરમાં સભા સમક્ષ કલ્પસુત્રોનો પાઠ કરવામાં આવ્યો હતો. આથી ધુરવસેન શાસનકાળમાં વડનગર અને ખેડા સુધી તેની સત્તા હોવાના પુરાવાઓ મળે છે. તે પછી ધુરવસેન-૨ એ પણ સુરાષ્ટ, ખેટક, આનંદપુરના બ્રાહ્મણોને ભૂમિદાન કર્યા નો ઉલ્લેખ દાનશાસનમાં જોવા મળે છે. ત્યારબાદ યુ.એન. સંગે લીધેલી મુલાકાત વખતે શિલા દિવ્ય-૧ રાજા હતો. જેનું રાજય કચ્છથી ઉજ્જૈન સુધી ફેલાયેલ હતું.[૨] તેની નોંધમાં ઉલ્લેખ કર્યા હતો. આમ, શિલાદિત્ય-૧ લાથી શિલાદિત્ય-૭ માં સુધી ઉત્તર ગુજરાતનો કડીનો વિસ્તાર મૈત્રક શાસન નીચે હતો.[૩]

- સોલંકી-વાઘેલા વંશ - (ઈ.સ. ૯૪૨ થી ૧૩૦૪)

મૂળરાજ સોલંકીએ પોતાના મામા સામંતીસિંહને મારી ચાવડા શાસનનો અંત લાવી સોલંકી શાસનની શરૂઆત કરી. આમ, ઈ.સ. ૯૪૨માં સોલંકીની સ્થાપના કરવામાં આવી અને

ઈ.સ. ૯૯૭ સુધી રાજય ચલાવવમાં આવ્યુ.[૪]

મૂળરાજ પછી મૂળરાજનો પુત્ર ચામુંડરાજ રાજગાદી પર આવ્યો. ઈ.સ. ૯૯૭ (વિ.સ. ૧053) માં પાટણની ગાદી પર ચામુંડરાજ આવતાં તેના સમયે લાટનો મેળવેલ પ્રદેશ બારપ્પના પુત્ર ગોગીરાજે પાછો મેળવી લીધો, આથી સાબરમતી નદી પછીનો પ્રદેશ લાટમાં ભેળવી દીધો. પરિણામે સાબરમતી પછીનો કલોલ-કડીને મહેસાણા તાલુકાનો વિસ્તાર પાટણ સોલંકી રાજયમાં ભળ ગયો અને ત્યારથી ચાલીસ ગામ સમૂહ ચાલીસા પંથક બન્યો. આ પછી ચામંડરાજે ઈ.સ. ૧૦૧૦ સુધી રાજય કર્યું. તેમણે લાઘણજ પાસે વડસ્મા ગામનાં જૈન મંદિરને દાન આપ્યું હતું. આ સમયે કડી વિસ્તારના પૂર્વના ગામો દઢાય પંથકમાં હતાં. દક્ષિણ-પક્ષિમ તરફના ગામો ચાલીસા પંથકમાં આવેલા હતાં.

ઈ.સ. ૧૦૬૪માં કર્ણદેવ પાટણની ગાદીએ બેઠા તેમણે ચાલીસ પંથકની નજીક આવેલા આશાવલ (આશાપલ્લી)ના સરદાર આશા ભીલને હરાવી ત્યાં સાબરમતી કાંઠે કર્ણાવતી નગરીની સ્થાપના કરી. આ કારણે પણ કડીને ચાલીસા પંથકનું મહત્વ વધ્યું કારણ કે પાટણને કણાવતીના રાજકીય માર્ગમાં વચ્ચે કડી આવતુ હતું. જેથી રાજકીય રીતે કડીનું મહત્વ વધતાં કડીનો વિકાસ સારો થયો. આમ, કડી એ લશ્કરી મથક બન્યું અને રક્ષણ માટેની તમામ સગવડોવાળું નગર થયું.[૫]

મૂળરાજ સોલંકી પછીના વારસદારોએ ખેડા જિલ્લાને મંડલના ગામો સોલંકી રાજયમાં ભેળવી દીધા. આ જીતેલ ગામોનો સોલંકી રાજયના સારસ્વત મંડલમાં સમાવેશ કર્યા. સારસ્વત મંડલમાં જે ચાલીસ ગામો ઉમેરવામાં આવ્યાં તે ચાલીસ ગામનો એક સમૂશ નક્કી થયો. જેના વહીવટ માટે ચાલીસ પંથક તરીકે ઓળખવામાં આવ્યો. આ ચાલીસ પંથક એજ કડીને કડી તાલુકાના ગામનો વિસ્તાર હતો. પાછળ જે સિધ્ધરાજને કુમારપાળના સમયે ચાર ગામ નવાં ઉમેરાતા ચુવાળીસા પંથક બન્યો જેને આજપણ લોકબોલીમાં ચુવાળ વિસ્તાર તરીકે ઓળખાય છે.[૬]

- દિલ્હી સલ્તનતકાળ - (ઈ.સ. ૧3૦૪ થી ૧૪૦3)

વાઘેલા, સોલંકી રાજવી કર્ણદેવ-૨ (કરણઘેલો)ના મહામાત્ય માધવની પ્રેરણાથી દિલ્હીના સુલતાન અલ્લાઉદ્ીન ખિલજીએ ગુજરાત પર આક્રમણ કર્યું. સુલતાને ઈ.સ. ૧૨૯૯માં ઉલુખાન અને મલેક નુસ્તખાનને મોટી ફોજ લઈ ગુજરાત જીતવા રવાના કર્યા. કરણભેલો નાસી ગયો. અને તેની રાણી પકડાઈ ગઈ. જેને દિલ્હી લઈ જવામાં આવી. ગુજરાત અને સૌરાષ્ટ્રના અન્ય ભાગોમાં લૂંટ કરવામાં આવી. મુસલમાન સૈનિકોએ પ્રદેશોને ઉજ્જડ બનાવ્યાં. આ સમયે મુસલમાન બાદશાહ ગુજરાતમાં કાયમી સત્તા જમાવી શકયા ન હોતા. આથી ગુજરાતમાં ઠેર-ઠેર બળવાઓ થવા લગ્યાં. આ વખતે કર્ણદેવ સંપૂર્ણ પણે હાર્યો આથી પાટણ ઉપર ઈ.સ. ૧3૦૪ દિલ્હી સલ્તનતની સત્તા કાયમી બની.

ઈ.સ. ૧૨૯૭માં જયારે અલ્લાઉદીન ખિલજીએ કરણ વાઘેલાને હરાવી ગુજરાત ઉપર જી મેળવી પોતાના સાળા મલેકસંજરને "અલ્પખાનનો" ખિતાબ આપી ગુજરાતના સુબા (નાઝીમ)

તરીકે નિમણૂક કરી આ અલ્પખાને ઈ.સ. ૧૩૦૪માં વહીવટી, લશ્કરી અને રાજકીય દ્રષ્ટ્રિએ મહત્વરૂપ. ભકડીભ સમા લેખાતા આ શહેરમાં રાખવામાં આવેલા લશ્કરના રક્ષણાર્થે, કડી શહેરની મધ્યબિંદુએ એક ફરતો જૂનો કોટ કપડી ગયો હતો. તેની જગ્યાએ નવો કિલ્લો ચણાવ્યો. આ કિલ્લાનું કામ ઈ.સ. ૧૩૧૪માં પૂર્ણ થતાં જનમુખે 'કિલ્લે કડી' એ રીતે બોલાવા લાગ્યો અને કાર્ય પૂર્ણ થતા કડી નગરનું નામ 'સુલતાનાબાદ' રાખવામાં આવ્યું.[૭]

સને ૧૧૯૭માં ભીમદેવ બીજાની કતુબુદ્દીન ઐબકના હાથે હાર થઈ. ઈ.સ. ૧૨૯૮માં વાઘેલા વંશના છેલ્લા રાજા કરણદેવને દિલ્હીના બાદશાહ અલાઉદ્દીન હરાવ્યો ને ગુજરાતનો ગૌરવ તો રાજપૂત યુગ આથમી ગયો. ગુજરાત ઉપર દિલ્હીથી મોકલેલા સુબાઓની આણં વર્તાવા લાગી. અંદર-અંદર સત્તા લાલસાના ઝઘડા શરૂ થયાં. ઈ.સ. ૧૩૪૭માં મહંમદ તઘલખે સીમાડામાં મલિક તોઘાનને હરાવ્યો. અને નસાડી મૂકયો.[૮]

વ્યુહાત્મક દ્રષ્ટિએ કડીનું મહત્વ નાનુ સુનુ નહોતું. દિલ્હીથી ડિસા થઈ અમદાવાદ જવાનો માર્ગ કડીથી પસાર થતો હતો.[૯]

- ગુજરાતનો સુલતાનોનો સમય - (ઈ.સ. ૧૪૦૩ થી ૧૫૭૩)

ગુજરાતમાં દિલ્હી સલ્તનત પૂર્ણ થતાં ગુજરાતના સ્વતંત્ર સુલતાનોનો સમય શરૂ થયો. ઈ.સ. ૧૪૦૩ થી ૧૫૭૩ સુધી ગુજરાતમાં ૧૩ સુલતાનો એ રાજય કર્યું ગુજરાતમાં સ્વતંત્ર સુલતાનની શરૂઆત કેવી રીતે થઈ તે આગળ આપણે જોયું. સુલતાન અહમદશાહના સમયે કડીમાં ફરી કિલ્લો બનાવ્યોને કડી વહીવટી મથક બન્યું. કડીમાં વહીવટીય વ્યવસ્થા મજબૂત કરી.

મહમદ બેગડાના સમયે મહમદ બેગડાએ અનેક નાની મોટી રાજપુત જાગીરીઓને અને રાજયો કબજે કર્યા. આ સમયે કડીની નજીકની કલોલ અને સાણંદ જાગીરી વાઘેલાઓ પાસેથી લઈ લેવામાં આવી. આથી આ બન્ને જાગીરના માલિક વરસંગજી અને જેતાજીએ સુલતાન સામે બાહારવટું શરૂ કર્યું. આ બન્ને ભાઈઓ સુલતાનના ગામડાઓમાં લૂંટ શરૂ કરી અને કડી પરગણાના ગામો ઉપર પણ પોતાની ધાક ઉભી કરી. આથી સ્થાનિક માથાભારે લોકોનું તેમને પીઠમળ મળવા લાગ્યું. વરહાજીને અને જેતાજીએ ધીમે-ધીમે પોતાની તાકાતને શકિત વધારી કડી વિસ્તાર પોતાના હાથમાં લઈ લીધો.

શેરખાન ફૌલાદીએ ઈતિમાદખાન પાસેથી કડી પડાવી લીધુ હતુ. તેથી ઈતિમાદખાનને શેરખાન ઉપર વેર હતું. આમ, વેરનો બદલો લેવા તેણે કડી અને પાટણ ઉપર ચઢાઈ કરી. આ ચઢાઈમાં શેરખાનના હાથે હાર થતાં તે અમદાવાદ પાછો ફર્યો સુલતાન નામે તે પોતે વહીવટ કરતો હતો. આથી અનેક બહાનાં શોધી તે કડી ઉપર અવાર-નવાર ચઢાઈઓ કરતા પણ તે ફાવી શકયો ની. અવાર-નવાર થી ચડાઈઓને પહોંચી વળવા માટે શેરખાને કડીમાં અને કડી વિસ્તારના લડાયક કોમના યુવાનોનું સૈન્ય તૈયાર કર્યું. જેમાં રજપૂતો, ઠાકોર, ભીલ વગેરે જાતિઓ હતી. રક્ષણ માટે કડી ફરતો અને રાજગઢી વિસ્તારના કિલ્લાઓ વધારે મજબુત બનાવ્યાં

શેરખાને કડીથી પોતાની સેના ઈતિમાદખાન ઉપર ચઢાઈ કરી. સૈયદ મીયાએ શેરખાનને સમજાવીને કડીમાં રાખ્યો પણ તેણે ચંગીઝખાનનું પણ ન માન્યું અને સેના લઈ અમદાવાદ તરફ રવાના થયો. આમ, શેરખાન અને ઈતિમાદખાનની વચ્ચે ભયંકર યુધ્ધ થયું. ઈતિમાદખાનની હાર થઈ.[૧૦]

- બાબુરી વંશ - (ઈ.સ. ૧૫૭૨ થી ૧૬૦૫)

ઈતિમાદખાનની અરજી ધ્યાનમાં લઈને અને પોતાના દુશ્મનોને પકડવા માટે અકબરે ઈ.સ. ૧૫૭૨નાં નવેમ્બર માસની ૯મી તારીખે ગુજરાત તરફ સેના સાથે કુચ કરી. ત્યારે અકબરના સાથે કલાનખાન સૈયદ, મહેમુદ બારેવાલ, કાલિજખાન, સાદિકખાન અને શાહ ફખરૂદ્દીન વગેરે અમીરો પણ સૈન્યમાં હતાં.

કડીમાં સૈન્યના રોકાણ સમયે ઈતિમાદખાનને અકબરની સામે હાજર કરવામાં આવ્યો. ઈતિમાદખાને અકબરની સત્તાનો સ્વિકાર કર્યો અકબરે ઈતિમાદખાનની જામીન લઈ ગુજરાતનો વહીવટ ચલાવવા સત્તા આપી. સાથે - સાથે બીજા અમીરો પણ કડી આવી અકબરની સત્તાનો સ્વિકાર કર્યો આ સમયે કડીનો શેરખાન સૌરાષ્ટ્ર અને તેનો પુત્ર ઈડર વિસ્તારમાં સંતાયેલા હતાં. અકબરે જયારે અમીરોને સત્તા સ્વિકારવા માટે કડીમાં ભેગા કર્યા ત્યારે કડીએ કિલ્લેબંધ વિકસીત નગર હતું. ગુજરાતના ઈતિહાસમાં અહીંથી અકબરની સત્તા શરૂ થઈને ગુજરાતના ઈતિહાસમાં કડીનો પ્રસંગ એક ઐતિહાસિક ઘટના બની.[૧૧]

કડી પાસે હાજીપુર મુકામે અકબર ઈ.સ. ૧૫૭૩માં ગુગરાતના મુખ્ય અમીર ઈતિમાદખાનને મળ્યો હતો.૨૯ ત્યાર બાદ બાદશાહ અકબર ઈ.સ. ૧૫૭૩ માં જ ગુજરાતના બાદશાહ મહમંદહુસેન મીરઝાને વશ કરવા દિલ્હીથી નીકળી ૯ (નવ) દિવસો માં જ ગુજરાત આવેલ ત્યારે તેમણે કડીમાં ઉતારો કરેલો અને પાછાં વળતાં પણ તેઓ કરી સિધ્ધપુર માર્ગે દિલ્હી ગયેલા.[૧૨]

- જહાંગીરનો સમયગાળો - (ઈ.સ. ૧૬૦૫ થી ૧૬૨૭)

જહાંગીરના સમયે ગુજરાતનાં સુબા તરીકે સૈયદ મમુર્તઝાખાન બુખારી આવ્યાં. તેમણે રાજયના અનેક વિસ્તારમાં પોલીસ પણ સ્થાપી અને લોકોમાં રહેલો ભય દૂર કર્યો[૩૧] ઈ.સ. ૧૬૦૬ થી ૧૬૦૯ માં જહાંગીરની આજ્ઞાથી ગુજરાતના સુબા મૂર્તજાખાન બુખારીએ નવેસરથી સખત એવો કડીનો કિલ્લો ફરથી બંધાવ્યો.[૧૩]

આ સમયમાં પટ્ટ ચુવાળ તથા વિરમગામ ઝાલાવાડ તરીકે ઓળખાતુ હતું. જે બંનેય કડી સાથે જોડાયેલા હતાં. પરિણામે આ મુલ્કની આવક રૂપિયા પાંચ કરોડ અગણોસીત્તેર લાખ નવસો બાન (૫,૬૯,૦૦,૯૫૨) જેટલી આવતી હતી.[૧૪]

ઈ.સ. ૧૬૨૮માં જહાંગીરનું મૃત્યું થયું. આથી દિલ્હીની ગાદી પર શાહજહાં આવ્યાં. શાહજહાના વખતે સુબાઓની નિમણૂંક કરવામાં આવી, ઈ.સ. ૧૬૫૩માં ગુજરાતના બાવીસ સુબા તરીકે સૈફખાન આવ્યાં. આ સૈફખાને પોતાના સમયમાં કડી વિસ્તારની ચૂંવાળ પટ્ટીમાં

કોળી કાનજીએ પકડી ચોરી-લૂંટ વગેરે બંધ કરાવ્યં. તેના જામીન લીધા. એ રીતે કડી વિસ્તારમાં માથાભારે તત્વોને કડક હાથે દબાવી લોકોમાં શાંતિનો સલામતી સ્થાપી.

ઈ.સ. ૧૬૫૨માં ગુજરાતના ૨૮માં સુબા તરીકે સાઈસ્તખાન આવ્યાં. ત્યારે પણ કડી વિસ્તારના કોળી, , કાઠોર, રાજપૂતો એ તોફાન કર્યું. આથી પનાર ગામના કાનજી અને સાણંદના રાજપૂત જગમાલને પકડી દંડ લઈ પાકા જામીન લીધા અને આ રીતે કડી વિસ્તારની લૂંટ-ફાટ બંધ કરાવી.[૧૫]

- ઔરંગઝેબનો સમય - (ઈ.સ. ૧૬૫૫ થી ૧૭૦૭)

ઈ.સ. ૧૬૫૮-૫૦માં ગુજરાતના ૩૧માં સુબા તરીકે મહારાજા જશવંતસિંહ આવ્યાં તે સમયે દારાસિકોહ અમદાવાદ આવ્યો હતો. પણ અમદાવાદમાં પ્રવેશ ના મળ્યો. આથી તે કડી કસ્બામાં આવીને રભે. ત્યાંથી તેણે કાનજીને મદદ માટે વિનંતી કરી. કડી આજુ- બાજુના ઠાકોરોની મદદ લઈ તોફાન શરૂ કર્યું. મોઘલ સૈન્ય આવતા તે છેવટે કચ્છ તરફ નાસી ગયો.

ઈ.સ. ૧૬૮૩ માં ગુજરાતમાં ૩૭ માં સુબા તરીકે મુસ્તરખાન આવ્યાં. તે વખતે કડી પરગણાના જલોસણ ગામના મંગાજી વગેરે ચાર રજપૂત  ગરાસીયા જેમને મુઝફરખાનબાલી વખતે બંડકરવાથી કેદ કરી મહમખઅલીખાનની રૂબરૂમાં મોકલ્યાં હતાં. તેમને કડી ચબુતરામાં કેદ કર્યા હતાં. પણ મુસ્તરખાનનાં સમયમાં કાજી અબ્દુલ્લાએ ચબુતરેથી બોલાવી છોડી મુકયાં. આ લોકો ત્યાંથી નાસીને પોતાના ગામોમાં ફરથી તોફાનો કરવા લાગ્યાં.

ગુજરાતના સુજાતખાન મારવાડનો બંદોબસ્ત કરી, અમદાવાદ આવવા રવાના થયા ત્યારે, રસ્તામાં કડી વિભાગના ચોરંગ ગામે વિરામ કર્યો પણ ગામમાં સૈન્યને પીવા પાણી ન હતું. આથી સુજાતખાને બંને ગામ વચ્ચે એક કુવો ખોદાવ્યો હતો. તે સમયે ફરજીખાનને ખેરાલું વિસ્તારની જાગીર આપી.

ઈ.સ. ૧૭૦૭માં ઓરંગઝેબનું અવસાન થયું. આથી દિલ્હીની સત્તા બહાદૂરશાહના હાથમાં આવી. બાહદૂરશાહના વખતે ગુજરાતમાં ૪૩ માં સુબા તરીકે ગાઝાઉદ્ીન બહાદુર ફિરોજજંગ આવ્યાં. તે પહેલા ઈ.સ. ૧૭૦૬ માં કડીમાં થયેલ તોફાનો દબાવવા માટે તે વખતના સુબા ઈબ્રાહીમખાન પોતે આવ્યાં હતાં. ને કડીના તોફાનો કડક હાથે દાબી દીધા હતાં. તોફાન કરનાર કોળી લોકોને દંડ કર્યો હતા અને કડીમાં શાંતિનો માહોલ ઉભો કર્યા હતો.[૧૬]

- ઔરંગઝેબ પછીનો સમય - (ઈ.સ. ૧૭૦૭)

ઔરંગઝેબના મૃત્યુ પછી દિલ્હીની ગાદી ઉપર બાહદૂરશાહ, જહાંદરશાહ શાહજહા બીજો વગેરે બાદશાહ આવ્યાં. તેમના સમયમાં ધીમે-ધીમે મરાઠાઓના હુમલા વધવા લાગ્યા ઘણી જગ્યાઓએ મરાઠાઓએ પોતાની સત્તા જમાવી દીધી હતી.

ઈ.સ. ૧૭૧૮માં ભયંકર દુષ્કાર પડયો. લોકો જીવન નિર્વાણ માટે વતન છોડી બીજા પ્રદેશમાં હિજરત કરવા લાગ્યાં. ઘણાં લોકો ભૂખે મરી ગયાં. જીવ બચાવવાને ભૂખ મીટાવવા લોકો અમાનુષી કૃત્યો કરવા લાગ્યા ઝાડ-પાનથી ભૂખ દૂર કરવાના પણ પ્રયત્નો કરતાં. પ્રજાની વહારે કોઈ રાજકીય સત્તા‌ા આવી નહી લોકો રામ ભરોસે જીવવા લાગ્યાં

કડીમાં કડીના નવા ફોજદારનું કસ્બાવાસીઓનએ ખૂન કર્યું. તેથી કડીમાં તોફાનો ફાટી નિકળ્યાં, જવામર્દખાન તે સમયે બહાર ચોથ ઉગરાવવા ગયા હતાં. તેણે સમાચાર સાંભળી તરત કડી પાછો આવ્યો. કડી આવી તેણે વાતાવરણને શાન્ત પાડયું.

ઈ.સ. ૧૭૫૩માં એપ્રિલ માસમાં ગાયકવાડ અને રાઘોબાના સંયુકત લશ્કરે અમદાવાદ જીતી લીધું અને અમદાવાદના સુબેદાર જવામર્દખાન બાલીને કડી, પાટણ, વડનગર, વિજાપુર, સમી, મુંજપુર વગેરે પરગણા આપ્યાં.[૧૭]

- મરાઠાકાળ

ગુજરાત ઉપર મરાઠાઓએ પણ આક્રમણ કર્યું. ઈ.સ. ૧૭૫૩માં જવામર્દખાન બાલીને હરાવી દમાજીરાવે કડીની જાગીર પોતાના ભાઈ ખંડેરાવને આપી. ખંડેરાવના મૃત્યું પછી તેનો પુત્ર મલ્હારરાવ ઈ.સ. ૧૭૮૫૫માં કડીની ગાદી ઉપર બેઠો તે સ્વતંત્ર દિમાગનો હતો. છતાં જનપ્રિય હતો. વડોદરાના ગાયકવાડને ખંડણી આપવાની ના પાડતા ગોવિંદરાય ગાયકવાડે અંગ્રેજોની મદદ લીધી અને મેજર વોકરની લશ્કરી મદદ તથા યુકિત- પ્રયુકિતથી તેને હરાવ્યો તેની જાગીરદારી ખલાસ કરી અને તેને નડિયાદમાં નજરકેદ રાખ્યો. ઈ.સ. ૧૮૦૨માં ત્યાંથી છટકીને તે કાઠિયાવાડ ગયો. ને કેટલાક ઠાકોરની મદદથી ત્રીજી વાર તેણે બંડ કર્યું. ધારી નજીક તે હાર્યો ને પાલીતાણાના ડુંગરોમાં નાસી ગયો.[૧૮]

દામાજીરાવનું મૃત્યું થયું. આથી ગાયકવાડમાં પણ સત્તા માટેની ખટ-પટો શરૂ થઈ. આથી ગોવિંદરાવે ફતેસિંહરાવને વડદરામાંથી કાઢવા કડીના જાગીરદાર ખંડેરાવને મદદ માટે વિનંતી કરી. ખંડેરાવ પોતાના સૈનિક સાથે ઈ.સ. ૧૭૭૩ માં વડોદરા આવ્યો અને વડોદરાને ઘેરો ઘાલ્યો. ગોવિદરાયે પણ અંગ્રેજોની મદદ માંગી હતી. બીજી બાજુ રઘુનાથરાવે પણ અંગ્રેજોની મદદ માંગી હતી. આથી ગોવિદરાવ ખંડેરાવને રઘુનાથરાવ સાથે મળી વડોદરા પર ચઢાઈ કરી.

યુધ્ધના સમયે રઘુનાથરાવ નાસી ગયો આથી ખંડેરાવ પોતાની સેના સાથે કડી પાછા આવ્યાં આ સમયે ફતેહસિંહરાવે સમય સૂચકતા વાપરી અંગ્રેજો સાથે વાટાઘાટો કરી સમાધાન કર્યું. આ તકનો લાભ ખંડેરાવે પણ લીધો ને તે પણ ફતેહસિંહરાવના પક્ષમાં બેસી ગયાં. આથી મરાઠા મંડળનું સૈન્ય ૨૫૦૦૦ નું થયું.

મરાઠા મંત્રી મંડળને રઘુનાથરાવના સૈન્ય વચ્ચે યુધ્ધ થતાં મરાઠા મંત્રી મંડળની હાર થઈ. આથી રઘુનાથરાવે ફતુેસિંહરાવના મિત્ર તરીેક મદદ કરવા બદલ કડીના જાગીરદાર ખંડેરાવ પાસેથી ૬૦,૦૦૦ રૂા. નો દંડ વસુલ કર્યો.

ઈ.સ. ૧૭૭૪માં ગોવિંદરાવનું મલ્હારરાવ સાથે સમાધાન થયું. સમજૂતી મુજબ મલ્હારરાવને કડી, નડીયાદ, કપડવંજ અને દહેગામ રહેવા દીધા તેમજ મલ્હારરાવે અન્ય હક્કોને માન્ય રાખ્યા.[૧૯]

ફતેસિંહરાવનું ઈ.સ. ૧૭૮૯માં અવસાન થયું. આથી સયાજીરાવ વાલી વગરનો બન્યો. ઈ.સ. ૧૭૯૨માં સયાજીરાવના મૃત્યું પછી સયાજીરાવ-૨ અને માનજીરાવ વચ્ચે સત્તાની માટે

ખટપટો શરૂ થઈ પરિણામો બંને વચ્ચે સંઘર્ષ થયો. સયાજીરાવ-રના મૃત્યુ પછી વડોદરા મેળવવા ગોવિંદરાવનો પુત્ર કાન્હોજીરાવે યુધ્ધ કરી વડોદરાનો કબજો મેળવી લીધો. જયારે ગોવિંદરાવે અંગ્રેજોની મદદ લઈ પોતાના પુત્ર કાન્હોજીરાવે યુધ્ધ કરી વડોદરાનો કબજો મેળવી લીધો. જયારે ગોવિંદરાવે અંગ્રેજોની મદદ લઈ પોતાના પુત્ર કાન્હોજીરાવ પાસેથી વડોદરા પાછું મેળ્વયું ને કાન્હોજીરાવને કેદ કર્યો.[૨૦]

ઈ.સ. ૧૮૦૨માં અંગ્રેજ ગવર્નર ડંકને મેજર અને મલ્હારરાવ વચ્ચે યુધ્ધ થયું. આ યુધ્ધમાં મલ્હારરાવની હાર થઈ તેને કેદ કરીને નડિયાદ લાવવામાં આવ્યો અને કડી સ્વતંત્ર જાગીરનો અંત આવ્યો આમ, કડી ગાયકવાડની સત્તા નીચે એક વહીવટ એકમ બન્યું અને વહીવટ પ્રાંત તરીકે તેનો વિકાસ થવા લાગ્યો.

છેવટે 31 જાન્યુઆરી ૧૯૪૯ થી વડોદરા રાજયને મુંબઈ રાજય સાથે વહીવટ સંભાળી લીધો કડી પણ મુંબઈ રાજયનો તાલુકો બની ગયો. સ્વતંત્ર ભારતનું એક નગર કડી બન્યું.

આમ, કડી ઈ.સ. ૧૮૦૨ થી ઈ.સ. ૧૯૬૧ સુધી ગાયકવાડના શાસન તરીકે ઈતિહાસમાં જાણીતું હતું. ૧૯૪૯ થી મહેસાણા જિલ્લો બનતા કડી તાલુકાનું મથક બન્યુ.ર1

- અર્વાચીન ઈતિહાસ

સમયની સાથે દેશ તેમજ શહેરની પ્રગતિ થતી જોવા મળે છે ૧૯ મી સદીના ઉત્તરાર્ધમાં વડોદરા રાજયમાં પ્રજાવત્સલ અને પ્રગતિશીલ રાજયકર્તા શ્રીમંત મહારાજા સયાજીરાવનો અમલ શરૂ થયો, જ્ઞાન, વિજ્ઞાન, અભિનવ, સુવિધાઓ, વ્યાપાર-ઉદ્યોગ અને સંસ્કારના પ્રકાશકિરણો ચોમેર પ્રસરવા લાગ્યાં. કડી પણ તેજ કિરણો ઝીલવામાં પાછું પડયું નહી.[૨૨]

વાચનની અભિરૂચિ વધે, નવયુગી પ્રકાસ પ્રજા ઝીલતી થાય તે અર્થે સને ૧૮૮૦ માં ભત્ર્યંબક કલ્યાણ પુસ્તકાલયભ નામે એક નાનકડા પુસ્તકાલયની શરૂઆત થઈ. શહેરના કેન્દ્રમાં સને ૧૯૧૩ માં ગ્રંથાલયને અનુરૂપ એક સુંદર મકાન બંધાયું. ભસાર્વજનિક પુસ્તકાલયભ નામ આપ્યું. ગ્રંથો સામાયિકો, વર્તમાનપત્રો વગેરેની સંખ્યા વરસો-વરસ વધતી જતી હતી.પરંતુ બહેનો વિના સંકોચે તેનો લાભ લઈ શકે તે માટે અલગ વ્યવસ્થાની જરૂર કડીના કેટલાક હોંશીલા કાર્યકરોને જણાઈ. પરિણામે પુસ્તકાલયના મકાનને વિસ્તારમાં આવ્યું. ઈ.સ. 19૫૫માં શ્રીમતી કમળાબાઈ અને શ્રીમતી રૂક્ષ્મણીબાઈ મહિલા પુસ્તકાલયની શુભ શરૂઆત થઈ.

ઈ.સ. ૧૯૧૦માં કડીને લોકશાહીની પાઠ-માળા સમી વિશિષ્ટ પંચાયત, જે વિકસતા વિકસતા હવે નગરપાલિકાનું સ્વરૂપ પામી છે. તે પ્રાપ્ત થઈ. કલોલ ટાવર પણ કડીને પ્રાપ્ત થયું. સને ૧૯૩૪માં શ્રી મહાલક્ષ્મીબેન જેસંગભાઈ પરીખની સખાવતથી કડીમાં બોરિંગની વ્યવસ્થા તો થયેલી જ હતી. સને 19૫8માં તેની પાસે વારિગૃહ બંધાયું. પછી તો તેનું પણ વિસ્તરણ થયું. અને અત્યારે કડીને લત્તે લત્તે નળની સુવિધા પ્રાપ્ત થઈ ચૂકી છે.

કડીમાં પહેલું દવાખાનું સને ૧૮૮૦ માં બંધાયુ ને પ્રજાને વિનામૂલ્યે વૈધકીય મદદ મળવા લાગી. છેલ્લા થોડાં વર્ષા પૂર્વેથી તે નગરપાલિકાના વહીવટમાં આવ્યુ છે અને તેની સગવડોમાં ક્રમશઃ વધારો થતો રભે છે.[૨૩]

વધતી જતી વસ્તીની જરૂરિતોને એક જ દવાખાનું પહોંચી ન શકે તેથી શ્રી બંસીવાલા ચેરિટેબલ ટ્રસ્ટ અને કડી રૂ મહાજનના સભ્યોએ શ્રી કડી મહાજન એન્ડ બંસીવાલા ચેરિટેબલ હોસ્પિટલ સને ૧૯૫૯ માં જનતાના સહકારથી શરૂ કર્યું. જે અલ્પમૂલ્યે જનતાને તબીબી મદદ આપે છે. જુદાં જુદાં રોગોના નિષ્ણાંત ડોંકટરોની સેવાઓ જનતાને સુલભ બની છે.

આ હોસ્પિટલ માટે સાધન-સગવડોથી સુસજ્જ નવું અદ્યતન ઢબનું મકાન ઈ.સ. ૧૯૬૮માં શ્રી છગનલાલ નરોતમદાસ પરીખના સુપુત્રો અને અન્ય દાતાઓની સખાવતોથી બંધાયું. તે જ મકાનમાં અને તે જ સાલમાં શ્રી કમળાબાઈ પુરષોતમદાસ રૂઘનાથદાસ પ્રસૂતિગૃહ પણ શરૂ થયું.[૨૪]

કડીમાં જાહેર પ્રજાકીય મ્યુનિસિપલ દાવાખાના છે. વેટરનિટી ડિસ્પેન્સરી પણ છે. મામલતદારની તથા તાલુકા લેવલની બધીજ તથા કોટન સુપ્રિન્ટેન્ડન્ટની ઓફિસો છે.

બેન્ક ક્ષેત્રે સ્ટેટ બેંક, બેંક ઓફ બરોડા, પંજાબ નેશનલ બેંક, ડિસ્ટ્રીક કો. ઓપરેટીવ, દેના બેંક તેમજ સ્ટેટ બેંક ડેવલોપમેન્ટ વગેરે છે.

ઔદ્યોગીક ક્ષેત્રે બ્રિટી-ટાઈલ્સ એન્ડ ટાઈપ તેમજ બે એક આઈસ (બરફ) ની અને ચારેક જીનીંગ ફેકટરી અને બે ઓઈલ મિલો છે આ વર્ણ ફકત કડી શહેરનો આછો ચિતાર આપવા પૂરતી જ સહજપણે નોંધ કરેલી છે.44 સમય જતા કડીમાં જીનીંગો અને ફેકટરીઓમાં વધારો થયો અને ચારેક જીનીંગોમાં વધારો થઈ કડીમાં ર00 જેટલી જીનીંગો જોવા મળતી હતી.

જો કે બ્રિટીશ યુગમાં 'કડી' ડ્રોઈંગ અને પ્રિન્ટિગ વર્કમાં એટલે કે કપડાના રંગ અને તેના છાપકામમાં ખૂબ જાણીતુ અને પ્રખ્યાત હતું. જેને કારણે તે અતિ  મહત્વનું મુખ્ય કેન્દ્ર બનેલું હતું. અને તેટલુ જ તે છીંકણીના ઉદ્યોગ માટે પણ પંકાયેલુ હતું. છીંકણીના ધંધા અંગેની હાલમાં પણ પંદરેક જેટલી ફેકટરીઓ ચાલું છે.

આ સાથે-સાથે કડીએ કેળવણીના ક્ષેત્રે આગેકુચ આરંભી દીધી હતી. ઈ.સ. ૧૮૭૬માં એક પ્રાથમિક શાળા શરૂ થઈ હતી. આજે ત્રણ કુમાર શાળાઓ એક ગાંધી સ્મારક કન્યાકાળા, એક કડી કેળવણી મંડળ સંચાલિત શ્રી ગોકળબાઈ પી. શાહ પ્રાથમિક શાળા તથા એક હજરતશાહપીર મહંમદ શાહ રજિસ્ટર્ડ પ્રાથમિક શાળા મળી કુલ ૬ પ્રાથમિક શાળાઓમાં બાળકો કેળવણી મેળવી રહિ છે.

કડી નગર સંચાલિત બાલમંદિરની સ્થાપના ઈ.સ. ૧૯૬૦માં થઈ અને નાનકડા ૬ વર્ષથી નીચેની ઉંમરના ભૂલકાઓ માટે આનંદ અને જ્ઞાનની પરબ ખૂલી.[૨૫]

-: પાદટિપ :-

(1) કડીકર યશવંત- 'કડીની ગૌરવગાથા', આદર્શ પ્રકાશન, અમદાવાદ, ૧૯૨૮, પૃ-૯૦.

(૨) ઉપરોકત - પૃ-૮૮.

(3) પટેલ જીગરકુમાર બી. - ભકડી શહેરના સ્થાપત્યોભ એક અભ્યાસ, અપ્રગટ લઘુશોધ નિબંધ, હે.ઉ.ગુ.યુનિ., પાટણ, ૨૦૧૩-૧૪, પૃ-૨૨.

(4) ઉપરોકત - પૃ-૨૩.

(5) પૂર્વોકત-દેસાઈ જીવણભાઈ એ. પૃ-૧૪

(6) ઉપરોકત - પૃ-૨૧.

(7) પૂર્વોકત - કડીકર યશવંત, પૃ-૧૦
(8) ઉપરોકત - પૃ-૧૧.
(9) ઉપરોકત - પૃ-૯૩.
(10) પૂર્વોકત - પટેલ જીગરકુમાર બી., પૃ-૨૯-૩૦
(11) પૂર્વોકત - દેસાઈ જીવણભાઈ એ., પૃ-૨૯
(12) ઉપરોકત - પૃ-૩૦.
(13) પૂર્વોકત - પટેલ જીગરકુમાર બી., પૃ-૩૧
(14) પૂર્વોકત - કડીકર યશવંત, પૃ-૧૦
(15) ઉપરોકત - પૃ-૪૭
(16) પૂર્વોકત - કડીકર યશવંત, પૃ-૯૪
(17) પૂર્વોકત - દેસાઈ જીવણભાઈ એ., પૃ-૩૪
(18) ઉપરોકત - પૃ-૩૮.
(19) પૂર્વોકત - કડીકર યશવંત, પૃ-૬૮
(20) ઉપરોકત - પૃ-૧૧,૧૨.
(21) પૂર્વોકત - પટેલ જીગરકુમાર બી., પૃ-૪૧
(22) પૂર્વોકત - દેસાઈ જીવણભાઈ એ., પૃ-૪૨
(23) પૂર્વોકત - પ્રજાપતિ વિપુલકુમાર, પૃ-૧૫
(24) પૂર્વોકત - કડીકર યશવંત, પૃ-૧૪
(25) ઉપરોકત - પૃ-૧૫.